જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૨/૧૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૮૧/૧૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી ૯૯ લીટર દેશી દારૂ, ૨૧૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૬૮ ઇગ્લીશ(કવાર્ટર) દારૂ, ૬ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૮૨/૧૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એકટ ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ- સમાચાર યાદી નં.૩૮૮૩/૧૩

તા.૨૪/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૬૩૩૩ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૩,૯૦,૭૦૦/- વસુલ કર્યા છે. આ પૈકી ૧૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૪૪ વાહનો ટો કરી રૂપિયા ૨,૮૫૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૧૨ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૦૬ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૩૦૧૭ કેસ કરી રૂપિયા ૧,૫૦,૮૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૨૪/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૬,૪૬,૭૭૪ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૮૩,૭૧,૧૨૫/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૩૮૮૪/૧૩

**નરોડા :** તેજલબહેન સોમાભાઈ ડાભી (ઉ.વ.૧૭) (રહે.જીવનગંગારામની ચાલી, કુબેરેશ્વર મહાદેવની સામે, સૈજપુર, નરોડા) ને તા.૧૭/૧૨/૧૩ સાંજના ૬/30 વાગ્યાના સુમારે તેના ઘર નજીકથી આરોપી વિવેક ઉર્ફે કાબો વિનુભાઇ ચૌહાણ (રહે.ગામઃ લાઠી, તા.લાઠી, જી.અમરેલી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ તેજલબહેનના ભાઈ પ્રકાશભાઇ સોમાભાઈ ડાભીએ તા.૨૪/૧૨/૧૩ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.વાળા ચલાવે છે.

**છેતરપીંડી : -** **સમાચાર યાદી નં.૩૮૮૫/૧૩**

**ખોખરા :** અનસોયાબહેન વિનોદભાઇ વર્મા (ઉ.વ.૩૦)(રહે.રાધાકિશનનગર, હાટકેશ્વર બસ ડેપો પાછળ, ખોખરા) તા.૨૪/૧૨/૧૩ બપોરનાં ૨/૩૦ વાગ્યાના સુમારે ખોખરા રાષ્ટ્રભારતી સ્કુલની નજીક સમરથ કોમ્પલેક્ષ આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા છોકરાઓએ અનસોયાબહેન સાથે વાતચીતનો દોર લંબાવી અનસોયાબહેનને વિશ્વાસમાં લઇ અનસોયાબહેનની સોનાની કડીઓ, સોનાનું મંગળસુત્ર અને નોકિયા કંપનીનો મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૩૦,૫૦૦/- છેતરપીંડી કરી લઇ પલાયન થઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ અનસોયાબહેન વર્માએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પી.જી.વણકર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૮૮૬/૧૩**

**વસ્ત્રાપુર :** વસ્તલભાઇ ધીરજભાઇ પટેલ (રહે.તીર્થનગર સોસાયટી, એચ.બી. કાપડીયા સ્કુલ રોડ, મેમનગર) એ તા.૨૪/૧૨/૧૩ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૨/૧૩ રાતનાં ૧૦/૧૫ વાગ્યાનાં સુમારે રાજપથ ક્લબ, પાર્ટી પ્લોટમાંથી બે અજાણ્યા છોકરાઓ (૧૪ થી ૧૮ વર્ષનાં આશરાનાં) વસ્તલભાઇની નજર ચુકવી ભેટ સોગાદ ભરેલી કાળા કલરની બેગ, જેમાં આશરે ૧,૫૦,૦૦૦/- મતાની ભેટ સોગાદ હતી તે બેગની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જ્યંતિલાલ મણીલાલ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૩૮૮૭/૧૩**

**સરદારનગરઃ** શૈલેશકુમાર બાબુભાઇ મોદી (રહે.શ્રીનાથ એપાર્ટમેન્ટ, હાંસોલ, સરદારનગર)એ તા.૨૪/૧૨/૧૩ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૨/૧૩ બપોરના ૧૨/૩૦ થી બપોરના ૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૨૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૩,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૮૮૮/૧૩**

**સોલા હાઇકોર્ટ :** યોગેશકુમાર વિઠ્ઠલદાસ ભાવસાર (રહે.સ્વપ્નીલ એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટી સામે, નવા વાડજ) એ તા.૨૨/૧૨/૧૩ રાતનાં ૮/૦૦ વાગે સોલા એસ.પી.રિંગ રોડ, ઉમીયા ફાર્મની બહાર રોડ ઉપર પોતાની મારૂતીવાન કાર નંબર જીજે ૧ એચ.ઇ. ૬૪૧૨ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ યોગેશકુમાર ભાવસારે તા.૨૪/૧૨/૧૩ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.ઝાલા ચલાવે છે.

**વેજલપુર :** રૂકશાનાબેગમ મહંમદજુબેર સૈયદ (રહે.મકબુલ કોમ્પલેક્ષ, જૈનુલ પાર્ક પાસે, વેજલપુર) એ તા.૨૭/૧૧/૧૩ રાતના ૦૦/૩૫ વાગે એકતામેદાન બાબાપાર્ક સોસાયટી મકાન નંબર-૭૩ પાસે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ સીએક્સ ૭૩ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રૂકશાનાબેગમ સૈયદે તા.૨૪/૧૨/૧૩ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ગીરીરાજસિંહ સરદારસિંહ ચલાવે છે.

**બાપુનગરઃ** દર્શન રમેશભાઈ સંઘવી (રહે. શિવમ ફલેટ, આનંદ  ફલેટ પાસે, બાપુનગર) એ તા.૨૨/૧૨/૧૩ સાંજનાં ૬/૩૦ વાગે બાપુનગર  શ્યામ શિખર પાસે આવેલ જનતા આઈસ્ક્રીમ નામની દુકાન સામે પોતાનુ હિરો હોન્ડા માઈસ્ટ્રા સ્કુટર નંબર જીજે ૨૭ એન ૨૯૩૧ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ દર્શન સંઘવીએ તા.૨૪/૧૨/૧૩ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઈ જીવાજી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૩૮૮૯/૧૩**

**નારણપુરાઃ** ચંદ્રીકાબેન અશોકભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે.રામાપીરનો ટેકરો, જુનાવાડજ, નારણપુરા) તા.૧૯/૧૨/૧૩ સવારના ૧૧/૩૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગેસ ઉપર ચા મુકતા હતા તે વખતે ગેસનો બાટલો ફાટતા દાજી ગયા હતા. સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૨૪/૧૨/૧૩ બપોરના ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૩૮૯૦/૧૩**

**વટવાઃ** જૈમી જોશભાઇ ક્રિચ્ચિયન (ઉ.વ.૨૩) (રહે.વૃંદાવન ડુપ્લેક્ષ, નારોલ કોર્ટ સામે, નારોલ) તા. ૨૩/૧૨/૧૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે નારોલ કોર્ટ સામેથી પોતાનું મોટર સાયકલ લઇ પસાર થતાં હતા. આ વખતે ટ્રક નંબર. જીજે ૧ એયુ ૩૦૬૨ નાચાલકે ટ્રક બેદરકારીથી ચલાવી જૈમીભાઇને ટક્કર મારી ગંભીર ઇજાઓ પહોંચાડતાં જૈમીને સારવાર અર્થે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જયાં રાતના ૮/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર જૈમીના ભાઈ જોલી ક્રિચ્ચિયને વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ટી.ડાભી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૮૯૧/૧૩**

**અમરાઇવાડીઃ** રવિભાઇ જગપતસિંહ રાજપુત (ઉ.વ.૨૪)(રહે.સત્યનારાયણ દરજીની ચાલી, અંકુલ સ્કુલની પાસે, અમરાઇવાડી) એ તા.૨૩/૧૨/૧૩ રાતના ૮/૦૦ થી તા.૨૪/૧૨/૧૩ રાતનાં ૨/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે કોઇ કારણસર છતની પાઇપ સાથે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રકુમાર આત્મારામ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** વસંતીબેન અભેસિંહ ઝાલા (ઉ.વ.૪૨)(રહે. ગોકુલનગર પાણીની ટાંકી પાસે વસ્ત્રાપુર ગામ) એ તા.૨૩/૧૨/૧૩ રાતના ૮/૩૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે કોઇ કારણસર છતની લોખંડની એંગલ સાથે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઈ શ્રી ડી.ડી.ઝાલા ચલાવે છે.

**બાપુનગર :** મહમદસાદીક મહમદહનીફ શેખ (ઉ.વ.૨૮)(રહે.શાંતીનગરની ચાલી સોનીની ચાલી બાપુનગર) એ પત્ની છેલ્લા આઠ માસથી રીસાઈને પીયર બેઠી હોઈ મનમાં લાગી આવતા તા.૨૩/૧૨/૧૩ રાતના ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે છતના પતરાની લોખંડની પાઈપ સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઈ શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**બાપુનગરઃ** નરોત્તમભાઇ ગાભાઇ પરમાર (ઉ.વ.૫૦) (રહે. રાધા રમણનીચાલી, અનિલ સ્ટાર્ચ બાપુનગર)એ માનસીક અસ્થીરતાને કારણે તા.૨૪/૧૨/૧૩ કલાક ૩/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી દિવાસળી ચાંપી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રોહતાસિંહ રમણસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.